વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૬, બીજો-ત્રીજો માળ, જુના
સચિવાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલિફોન નં. 079-23251365 ઇ-મેઇલ નં. Cottax2016@gmail.com

નં.ટેક્ષ/અખિલ ગુજ.ટ્ર.ટ્રા.એ./રજુઆત /ઓન-6456
તારીખ : 6 SEP 2017

પ્રતિ,
શ્રી મુકેશભાઇ સી.દવે
માનદમંત્રીશ્રી,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિયેશન,
૭૫, સહજાનંદ શોપીંગ, સ્વામી નારાયણ મંદિરની સામે,
શાહીબાગ, અમદાવાદ

વિષય : લમસમ ટેક્ષની ગણતરી અંગે રજુઆત
અનુ: (૧) આપનો પત્ર તા. ૨૯/૦૪/૨૦૧૭ ની રજુઆત.
(૨) વિભાગનો પત્ર તા.૦૧/૦૬/૨૦૧૭ અન્વયે.

ઉપરોક્ત વિષય તથા અનુસંધાને જણાવવાનું કે,આપના અનુસંધાન પત્ર નં (૧) ની રજુઆત અંગે નીચે મુજબની માહિતી છે.

| મુદ્દા નં. | વિગત | જવાબ |
|---|---|---|
| ૧ | લમસમ ટેક્ષની ગણતરી માટે ડિસ્કાઉન્ટ બાદની અને ટેક્ષ પહેલાંની રકમ ગણવી જોઇએ પણ બધી આર.ટી.ઓ.કચેરીમાં લમસમ ટેક્ષની ગણતરી વખતે ડિસ્કાઉન્ટની રકમ બાદ કરવામાં આવતી નથી. | સદર બાબતે અત્રેની કચેરીએથી પરિપત્ર નં. ટેક્ષ/વાહનની કિંમત/વ્યાખ્યા/ઓન-૪૧૯૭ તા.૦૬/૦૭/૨૦૧૭ થી તમામ RTO/ARTO શ્રી તથા તમામ ચેકપોસ્ટ ને જણાવેલ છે. જે પરિપત્રની નકલ મોકલી આપીએ. |
| ૨ | લમસમ ટેક્ષની કોમ્પુટર સીસ્ટમ ઘણી મોડેથી તૈયાર થયેલ જેથી કરીને ટેક્ષ ભરવાની મુદતમાં તા. ૩૦/૦૪/૨૦૧૭ સુધી વધારો થયેલ છે. પણ તે દરમ્યાન પરપ્રાંત ચાલતા તેમજ બીજા ઘણા વાહનોએ વાર્ષિક ટેક્ષ ભરી દીધેલ છે. અત્યારે | સદર બાબતે રીફંડ / મજરે આપવાની ફોર્મ્યુલા તૈયાર કરીને આઇ.ટી.શાખાને આપેલ છે. જે કોમ્પ્યુટરમાં મોડ્યુલ બનાવ્યાની કામગીરી ચાલુમાં છે. |

| | | |
|---|---|---|
| | પણ જે લોકોએ એડવાન્સ ટેક્ષ ભરીદીધો હોય અને લમસમ ટેક્ષ ભરવા માંગતા હોય તો તેમને ભરેલ એડવાન્સ ટેક્ષની રકમ મજરે આપવો. | |
| 3 | ઘણી બધી જુની ગાડીઓમાં કે સેકન્ડ હેન્ડ ખરીદેલ ગાડીઓમાં બીલ નહિ હોવાથી લમસમ ટેક્ષ ભરતી વખતે ટેક્ષની ગણતરી માટેની રકમ નક્કી કરવા ટાટા મોટર્સનું જે તે વર્ષનું જુદા-જુદા મોડલોની ટેક્ષ બાદની રકમ પરિશિષ્ટ (લીસ્ટ) આપની કચેરીમાં આપેલ છે. આ સાથે આઇશર મોટર્સમાંથી સને ૧૯૯૯ થી ૨૦૧૪ સુધીના પોપ્યુલર મોડલોમાં ટેક્ષની બાદ કિંમતનું સર્ટીફિકેટ બીડેલ છે. જેથી આવા મોડલોના વાહનોમાં બીલની અવેજીમાં ટેક્ષ ગણતરી સહેલાઇથી થઇ શકે અને જે તે ગાડીઓ વાળા આ રકમ મુજબ લમસમ ટેક્ષની ગણતરી કરી સરળતાથી ટેક્ષ્ ભરી શકે. | તા.૩૦/૦૭/૨૦૦૭ ના સરકારશ્રીના જાહેરનામામાં કિંમતની વ્યાખ્યા નક્કી કરેલ છે. જેમાં કોઇ ફેરફાર થયેલ નથી. |

ખાસ ફરજ પરના અધિકારી

નકલ રવાના : નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં. ૨/૯ માળે, નવા સચિવાલય, ગાંધીનગર પત્ર નં. એમવીડી/૧૦૨૦૧૭/૬૪૨/ખ તા.૦૧/૦૬/૨૦૧૭ અન્વયે જાણ થવા સારૂ.

Akhil Gujarat Truck Transport Association

R. 15.9.2017